



સાહેબ, આપણી પાર્ટી જેલ ભરો આંદોલન કરી શકે તેમજ નથી, કેમ કે મોટાભાગના કાર્યકરો જેલમાં જ છે !!!

# ચિલોડા મોટા ખાતે ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વિજેતા

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા ખાતે તા. ૧૭મી જૂનના રોજ યોજાયેલી ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વર્ષ ૨૦૧૨-૧૫ થી ત્રણ વર્ષ માટેની વ્યવસ્થાપક કમિટીના ૧૦ સભ્યો માટેની ચૂંટણી જંગમાં નીચેના ઉમેદવારો વિજયી બન્યા હતા. જેમાં પટેલ જયંતિભાઈ ગોરધનભાઈ, પ્રહલાદભાઈ ફકીરચંદ પટેલ, પટેલ બકાભાઈ નાથાભાઈ, પટેલ રણછોડભાઈ જીવાભાઈ, રાવલ રમણલાલ આશારામ, પટેલ ગોરધનભાઈ ભીખાદાસ, પટેલ ઈન્દિરાબેન જયંતિભાઈ, ઠાકોર ઉમેદજી દોલાજી, ઠાકોર ગેલાજી ઉમેદજી તથા ઠાકોર દશરથજી કેશાજી વગેરે ચૂંટણી જંગમાં વિજેતા બન્યા હતા. આ ચૂંટણી જંગમાં કુલ ૧૭ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું.

# શેઠ સી.એમ. હાઈસ્કૂલનું ગૌરવ વધારતા વિદ્યાર્થીઓ



ગાંધીનગર, તા. ૨૪

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહની દ્વિતીય સેમેસ્ટરની પરીક્ષામાં સે. ૨૩ સ્થિત અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થી આશિષ ડી. પટેલ તેમજ તેજસ બી. મોદીએ ૩૦૦માંથી ૨૯૪ ગુણ મેળવી વિજ્ઞાનના વિષયમાં ૯૮ ટકા પ્રાપ્ત કર્યા છે.

આ તેજસ્વીઓને શાળા-પરિવાર તેમજ સમાજના અગ્રણીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# શિશુ વિહારની ભાવનગર મહાનગરપાલિકામાં અભ્યાસ કરતા ૧૪૦૦ બાળકોને શૈક્ષણિક સહાય


*ગાંધીનગર, તા. ૨૪*

*શિક્ષકોના સામાજિક ઉત્તરદાઈત્વ કાર્યક્રમ અંતર્ગત શિશુવિહાર સંસ્થા દ્વારા નગરપાલિકાની શાળાઓમાં ભણતા ગરીબ ૧૪૦૦ શ્રમિક બાળકોને શૈક્ષણિક સહાય આપવામાં આવશે.*

*છેલ્લા ૪ વર્ષથી યોજાતા શૈક્ષણિક સહાય કાર્યક્રમમાં શાળાના શિક્ષકો વર્ગદીઠ ૨ નિરાધાર બાળકોને પસંદ કરે છે અને તે બાળકોને શિશુ વિહાર સંસ્થા દ્વારા સ્કૂલબેગ, ૫ નોટબુક, કંપાસ બોક્સ, વોટરબેગ અને સૂઝનું વિતરણ કરવામાં આવે છે. નગરપાલિકામાં શિક્ષક તરીકે સેવા આપતા ભાવનગરનાં બાળ પ્રેમીઓ પોતાના વ્યવસાય ઉપરાંત વર્ગદીઠ ૨ શ્રમિક બાળકો અને તેના પરિવારની કાળજી લે છે અને હોલી, દશેરા, મકરસંક્રાંતિ, દિવાલી જેવા પ્રસંગોએ બાળકના કુટુંબની મુલાકાતે જઈ તેમના પ્રત્યે સામાજિક સૌહાર્દ વ્યક્ત કરે છે. શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ, વૈષ્ણવ પરિવાર, સ્ટેટ બેંક, માવજીભાઈના આર્થિક સહકારથી યોજાતા કાર્યક્રમ અંતર્ગત અત્યંત જરૂરીયાતમંદ ૨૦ વિધવા માતાઓને આર્થિક ઉપાર્જનના સાધનો પણ શિક્ષકોની ભલામણથી આપવામાં આવે છે. નગરપાલિકામાં અભ્યાસ કરતા બાળકો શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડાઈ રહે તે માટેના શિક્ષણ સમિતિના પ્રયત્નમાં ભાવનગર રેડક્રોસ, આનંદવાટિકા ભગીની મંડળ, ખી. લ. બહેરામુંગા શાળાનો સહકાર મળતા નગરપાલિકાની શાળામાં ભણતા બાળકો પૈકી જેઓ ગંભીર રોગથી પીડાય છે તેમની આરોગ્યલક્ષી કાળજી લેવા પ્રયત્ન થાય છે.*

*શિક્ષણના પરીક્ષાલક્ષી કેન્દ્રીયકરણના કારણે બાળકો માટે ભણતર ભાર સભર બની રહ્યું છે. ત્યારે બાળ શિક્ષણ આનંદાઈ અને સમાજ ઉપયોગી બને તે અંગેના ભાવનગરની સામાજિક સંસ્થાઓના પ્રયત્નોને વ્યાપક આવકાર મળી રહ્યો છે.*

# સ્કૂલ ઑફ ઍચિવરના તેજસ્વી તારલા



ગાંધીનગર, તા. ૨૪

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરના પરિણામમાં સ્કૂલ ઑફ ઍચિવરના વિદ્યાર્થીઓએ ઉચ્ચ ઉચ્ચ સ્થાન મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

પ્રથમ ક્રમે રહેનારા સંકેત એમ ભાવનગરિયાએ ૫૦૦માંથી ૪૬૦ ગુણ મેળવ્યા છે. એ પછીના ક્રમમાં જે વિદ્યાર્થીઓએ ઉચ્ચ પરિણામ મેળવ્યાં છે તેમાં ધારા પટેલ (૪૫૭), સાર્થક જે ગોહેલ (૪૫૨), અયાંક ડી પટેલ (૪૪૪), ઉદિત કે નાયક (૪૪૨), સચિન એ પટેલ (૪૪૦), કૌશલ એલ હરમા (૪૪૦), સમર્થ પી ગોસાઈ (૪૩૯), ચિરાગ ડી રાઠોડ (૪૩૭), નિલકુમાર એસ પટેલ (૪૩૬), કેતુલકુમાર આર પટેલ (૪૩૩), જૈમિની પી પટેલ (૪૩૩), હર્ષ વી શાહ (૪૩૧), નિમા એમ ઠક્કર (૪૩૦), સહજ એસ શાહ (૪૨૯), અક્ષત એ ચૌધરી (૪૨૭) અને શિખા એ પટેલ (૪૨૬)નો સમાવેશ થાય છે.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા એમએસસી આઈટી કોર્સ માટે પ્રવેશ પરીક્ષા યોજાઈ

ગાંધીનગર તા. ૨૪

કડી અને ગાંધીનગર ચાલતાં એમએસસી આઈટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ માટે ઓન લાઈન પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૬૦૦ વિદ્યાર્થીઓ આ પ્રવેશ પરીક્ષામાં જોડાયા હતા.

કડી અને ગાંધીનગર ખાતે ચાલતાં અભ્યાસક્રમ એમએસસી આઈટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ માટે ઓન લાઈન પ્રવેશ પરીક્ષાનું આયોજન સેકટર-૧૫માં આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતે રાખવામાં આવેલ હતી. યુનિવર્સિટી દ્વારા લેવાયેલ આ પરીક્ષામાં ૧૬૦૦ જેટલાં વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

પ્રવેશ પરીક્ષા આપવા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેને પહોંચી વળવા માટે યુનિવર્સિટી દ્વારા પરીક્ષાનું આયોજન ૬ સ્લોટમાં કરવામાં આવ્યું હતું. આ ઓનલાઈન પરીક્ષામાં વિદ્યાર્થીઓને ૨૦ માર્કસનું જનરલ નોલેજ, ૨૦ માર્કસનું અંગ્રેજી અને ૩૫ માર્કસનું કોમ્પ્યુટર સ્કીલને લગતાં પ્રશ્નો પૂછવામાં આવ્યા હતાં.

યુનિવર્સિટી દ્વારા જ કોમ્પ્યુટર રાઈઝ પરીક્ષાનું સોફટવેર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીનો સંપૂર્ણ ડેટા તેમાં સ્ટોર થઈ જાય છે. પરીક્ષાનું પરીણામ પણ આ સાથે તૈયાર થાય છે. એમએસસી આઈટીની પ્રવેશ પરીક્ષાને સફળ બનાવવા માટે યુનિવર્સિટીના ડાયરેકટશ્રી ડી.ટી. કાપડીયા, રજીસ્ટ્રારશ્રી એસ.કે. મંત્રાલસ પરીક્ષા નિયામકશ્રી પી.કે. શાહના માર્ગદર્શન હેઠળ વિપુલ પ્રજાપતિ, ભાવેશ કટારીયા, કપિલ વ્યાસ, મૌલિક ધંધુકીયા, સેજલ હવેલીવાલા સહિત એમએસસી. આઈટીના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.



નગરની જાણીતી કલા સંસ્થા શિવરંજની દ્વારા વર્ષના પ્રથમ કાર્યક્રમ રૂપે શનિવારે ટાઉનહોલ ખાતે "અવિનાશી અવિનાશ" શિર્ષક હેઠળ અવિનાશ વ્યાસની રચનાઓનો થીમ બેઝ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી અવિનાશ વ્યાસની લોકપ્રિય રચનાઓને જાણીતા કલાકારો પુરુષોત્તમ ઉપાધ્યાય, નયન પંચોલી, ડૉ. ફાલ્ગુની ડૉક્ટર અને કુ. પલકે સુરીલા અંદાજમાં રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન તેજસ મજમુદાર દ્વારા રસપ્રદ રીતે કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# ખોખરા ખાતે ખેલાડીઓના સ્કીલ ડેવલપમેન્ટ માટે અરજીઓ મંગાવાઈ

અમદાવાદ, ૨૪

સિનિયર કોચ પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર, ખોખરા અમદાવાદ દ્વારા ક્રીડા કૌશલ્યવર્ધક કાર્યક્રમ અંતર્ગત અનુસૂચિત જાતિના ખેલાડીઓનો સ્કીલ ડેવલપમેન્ટ કેમ્પ યોજાશે. તા. ૩૧-૮-૧૨ પહેલાં યોજાનારા આ કેમ્પ માટે તા. ૧૫મી જુલાઈ, ૨૦૧૨ સુધી અરજીઓ મંગાવાઈ છે. અમદાવાદ જિલ્લાના અનુસૂચિત જાતિના ખેલાડી ભાઈબહેનો માટે કબડ્ડી/ખોખો/ વોલીબોલ/ એથ્લેટીકસ અને યોગાસન માટે ૨૧ દિવસનો નિવાસી પ્રશિક્ષણ શિબિર યોજનાર છે. તા. ૩૦-૮-૨૦૧૨ના રોજ ૧૬ વર્ષ પૂર્ણ કરેલા લાયકાત ધરાવતા ઉમેદવારોએ સિનિયર કોચ પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર, રૂક્ષમણીબેન હૉસ્પિટલની સામે, ખોખરા, અમદાવાદ ફોન નં.૦૭૯-૨૨૭૮૨૩૨૩ પર અરજી કરવી. ખેલાડીઓનો તમામ ખર્ચ સરકારશ્રી દ્વારા નિયત કરેલા ધોરણો મુજબ પૂરો પડાશે. અમદાવાદ જિલ્લામાં રમતને અનુરૂપ સ્થળ ખાતે આ શિબિર યોજાશે. એમ શ્રી જી.ઝેડ. ઘાંઘર સિનિયર કોચ, પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર, ખોખરા દ્વારા યાદીમાં જણાવાયું છે.

## શબ્દ સરવાણી

### દોહો

સાહિબ તોરી સાયબી, સબ જગ રહી સમાન,
મ્હેંદી કેરે પાનમેં રંગ રહ્યો જ છૂપાય.

### જોડકણું

હલકા જન હલકાં રહે લિયે પલકમાં લાજ
ઉતરાવે છે પાઘડી, માંકડ ભરી સમાજ.

### સુભાષિત

ધર્મ કો હર કોઇ માનતાં હૈં;
ધર્મ કી કોઇ નહીં માનતા હૈ!

### ચોપાઈ

પુનિ પુનિ સત્ય કહાઉ તોહિ પાહિ
મોહિ સેવક સમ પ્રિય કોઉ નાહિ
(એક નિર્વિવાદ સત્ય છે કે આ જગતમાં મારા સેવક-ભક્તથી બીજું કશું જ મને વધારે પ્રિય નથી.)

### સોરઠો

દુ:ખે તેને દાઝ, દુખ્યા વિણ દાઝે નહિ;
કવણ કિયાને કાજ, મરવા કોઇ આવે નહિ.

### છપ્પો

ગુણ જોઇએ તો ગુરૂને શોધ, જે ગુરૂ આપે તત્ત્વબોધ;
પરને વળગ્યો હીડે અંધ, આંખ્યાળો નવ વળગે ખંધ
સદ્‌ગુરૂ વિના ગળે બાંધી શલા એમ અખા ભમ્યા ભલભલા

### શ્લોક

*ન સા સભા યત્ર ન સન્તિ વૃદ્ધા વૃદ્ધા*
*નિ તે યે ન વદન્તિ ધર્મમ્*
*ધર્મો ન વૈ સત્ર ચ નાસ્તિ સત્યં સત્યં*
*ન તદયચ્છલ નાનુ વિદ્ધમ્*
(જે સભામાં અનુભવી વૃદ્ધો નથી તે સભા નથી; જે ધર્મમાં સત્ય નથી તે ધર્મ નથી, જયાં કપટ છે તે સત્ય નથી)

### શીખ

પરેજી પાળતા રોગીને, ઔષધથી શું કામ?
પરેજી જો પાળે નહિ, તો ઔષધ કરે શું કામ?

- સંકલન : પી એમ પરમાર 'દર્શન'

### રાજસી માનવ

જે જ્ઞાને સર્વ જિવાત્માના, અનેક ભાવ જુદા જુદા,
જાણતો ભેદ પાડીને, તે જ્ઞાનને જાણો રાજસી.
મનમાં કામના ધરી, અન્યથા અહંકારથી કર્યું કર્મ,
ઘણી વિડંબનાઓથી જે, તે કર્મને જાણી રાજસી.
મમત્વને ફળને વાંછે, લોભી, મલિનને હિંસાત્મક,
હર્ષ શોકમાં નિમગ્ન, તે કર્તાને જાણે રાજશી.
ધર્મ અધર્મનો ભેદ, તેમજ કાર્ય અકાર્યનો ભેદ,
અયથાર્થપણે જાણે, તે બુધ્ધિને જાણો રાજસી.
ધર્મે, અર્થે તથા કામે, જે વડે ધારણાઓ બાંધે,
આસક્તિ ને ફળેચ્છાથી, તે ધૃતિ ને જાણો રાજસી.
અમૃત તુલ્ય, પ્રારંભે, અંતે ઝેર સમાન લાગે જે,
વિષય ઇન્દ્રિય સંજોગો જે મળે, તે સુખને જાણો રાજસી.
જ્ઞાન, કર્મ, કર્તા, બુધ્ધિ, ધૃતિને સુખની દૃષ્ટિએ,
આવા ગુણો ધરાવનાર, માનવને જાણો રાજસી

- સુમંતભાઇ મં. શાહ

### વાદળો બંધાય છે !

નભ મહીં જયાં રોજ વાદળો બંધાય છે,
હૈયે અમારે વરસાદની આશ પણ બંધાય છે!
હળ ચલાવી ખેતરે કાર્ય પણ પૂરું કર્યું,
અનુસંધાન એટલે તારું અહીં સંધાય છે!
બાળકથી બ્રહ્મા સુધીની મોજ સાચી તું જ છો,
મેઘલાડુ ના આંધણ ઘરમાં એટલા રંધાય છે!
જઇને કહો વરૂણદેવને આવે એ કામાય થી,
છડી તારા આગમનની અમને સમજાય છે!
આ વરસે પણ તૃપ્ત કરજે તું ધરાને એટલી,
"શરમાળ" પ્રજાની પ્રાર્થના તને કરી જાય છે !

- જગદીશ ગોર 'શરમાળ'

# આપણે ગુજરાતીઓ બહુ રસપ્રદ લોકો છીએ

## સિલ્વર સ્ક્રીન

- કુંતલ નિમાવત



'આપણે ગુજરાતીઓ બહુ રસપ્રદ લોકો છીએ. ભલે દુનિયા આપણને ગમે તે માને, પણ હું માનું છું કે આપણે ગુજરાતીઓ રસપ્રદ અને મજાના માણસો છીએ.' આ નિવેદન છે હાલમાં સફળતાપૂર્વક ચાલી રહેલી ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ'ના યુવા નિર્દેશક અભિષેક જૈનના.

માત્ર પચીસ વર્ષની વયના આ પ્રતિભાશાળી યુવાને એવી ગુજરાતી ફિલ્મ બનાવી છે જેને નિશ્ચિતપણે આઉટ ઑફ ટ્રેન્ડ માનવી પડે અને તેમ છતાં એ ફિલ્મ મલ્ટીપ્લેકસીસમાં પ્રદર્શિત થઈ છે ને પાછી હાઉસફૂલ ચાલી પણ રહી છે.

'મારા વડીલો મૂળ જોધપુર, રાજસ્થાનના પણ હું તો જન્મ્યો પણ અમદાવાદમાં જ છું અને ઉછર્યો પણ અહીં જ છું તેથી હું મારી જાતને ગુજરાતી જ માનું છું.' ગુજરાત માટે આટલી લાગણી દર્શાવતા અને પોતાને ગુજરાતી કહેવડાવવાનું ગર્વ અનુભવતા આ યુવાને સફળ ગુજરાતી ફિલ્મ બનાવીને ગુજરાતનું ઋણ ચૂકવવાનો પ્રયાસ કર્યો છે એમ કહી શકાય. અભિષેક અમદાવાદના રહેવાસી છે અને ત્યાં જ ભણ્યા છે. ઍચ ઍલ કૉલેજમાં બીબીએ કર્યા પછી સુભાષ ઘાઈની પ્રતિષ્ઠિત ઈન્સ્ટીટ્યુટ વ્હીસલીંગ હૂડ્સ, મુંબઈ ખાતે તેમણે ફિલ્મ ડિરેકશનનો અભ્યાસ કર્યો. એ પછી સુભાષ ઘાઈ જોડે જ બ્લૅક ઍન્ડ વ્હાઈટ અને યુવરાજ એ બે ફિલ્મોમાં સહ નિર્દેશન કર્યું, રામ માધવાની સાથે 'હેપ્પીડેન્ટ વ્હાઈટ' અને 'હૉલ્સ'ની જાહેરખબર માટે પણ સહ નિર્દેશન કર્યું. એ પછી સંજય લીલા ભણશાલીની સાથે પણ જોડાયા પરંતુ એમના બે પ્રૉજેક્ટ્સ પૈકી એક પ્રૉજેક્ટ અધવચ્ચે અટકી પડ્યો અને એક પ્રૉજેક્ટ અભિષેક અડધેથી છોડીને અમદાવાદ પરત આવી ગયા.

અમદાવાદ આવીને નવું કામ શરૂ કર્યું ઍડ ફિલ્મ્સ બનાવવાનું, કંપનીનું નામ રાખ્યું સિનેમેન પ્રૉડકશન્સ લિમિટેડ, જેની ઑફિસ આત્મા હાઉસમાં કાર્યરત છે.

'ઍડ ફિલ્મ્સનું કામ શરૂ કર્યું બ્રેડ બટર માટે, પણ સાથે જ વિચાર હતો ફિલ્મ બનાવવાનો તેથી ટીમ બનાવવાનું શરૂ કર્યું. અને સાથે સાથે ફિલ્મ માટેની વાર્તા પણ વિચારવા લાગ્યા.' અભિષેક જેને ટીમ ગણે છે એવી આ ફિલ્મની સર્જક ટીમમાં પોતે સૌથી મોટા છે ! બાકીના બધા જ સભ્યો એમનાથી નાના છે. વળી, એમના સિવાયના બધા જ સભ્યો એવા છે જેમને આ અગાઉ ફિલ્મ નિર્માણ સાથે કોઈ નાતો નહોતો. જેમકે, ફિલ્મના એકઝીક્યુટીવ પ્રૉડ્યુસર રિતમ ભટનાગર ઍમબીએના અભ્યાસુ છે, આસી. ડિરેક્ટર અનિશ શાહ ઈલેક્ટ્રૉનિક એન્જિનીયર છે, માર્કેટીંગ મેનેજર ફાર્માસિસ્ટ છે અને ગીતકાર જૈનેશ પંચાલ કૉમ્પ્યુટર ઍન્જિનીયર છે.




તસવીર : દિવ્યકાન્ત વર્મા

આઉટ ઑફ ટ્રેન્ડ ગુજરાતી ફિલ્મ બનાવવાનો વિચાર કેવી રીતે આવ્યો ? એવા સવાલના જવાબમાં અભિષેક જણાવે છે કે, 'મેં ક્યારેય ગુજરાતી ફિલ્મો જોઈ જ નથી. એટલે એનો ટ્રેન્ડ શું છે એ વિશે મને બહુ ખબર નહોતી. આ ફિલ્મ બનાવ્યા પછી મેં કેટલીક ગુજરાતી ફિલ્મોના ટ્રેલર જોયા છે. એ સિવાય હું ગુજરાતી ફિલ્મોના ટ્રેન્ડ વિશે કંઈ જાણતો નથી. હું તો એટલું જાણતો હતો કે મારે એવી વાત ઉપર ફિલ્મ બતાવવી હતી જે મેં જોયું હોય. જે પ્રકારનું મેં જોયું હતું એ જ પ્રકારનું મારે બતાવવું હતું. સ્કૂલ્સમાં મેં અનુભવ્યું હતું કે ક્લાસરૂમમાં બાજુમાં બેઠેલો વિદ્યાર્થી બૂટ બતાવીને કહેતો, જોયા આ શૂઝ ? યુએસએથી આવ્યા છે. કૉલેજમાં કલીગ્ઝ કહેતા, જોયું આ જીન્સ ? મામાએ યુએસએથી મોકલાવ્યું છે. આમ આ બધું જોવામાં તો આવ્યું જ હતું. એ જ ફિલ્મમાં ઊતરી આવ્યું.'

'ફિલ્મના મેઈન કાસ્ટ સાથેનો મારો અનુભવ ખૂબ સારો રહ્યો' એમ જણાવતાં અભિષેક ઉમેરે છે કે 'આ ફિલ્મનું નિર્માણ એ મારા માટે લર્નીંગ પ્રૉસેસ હતી. અલબત્ત, રાકેશ બેદી, ટૉમ ઑલ્ટર, અનંગ દેસાઈથી તો હું પરિચિત જ હતો. પરંતુ, ફિલ્મના બધા જ કાસ્ટ એટલા પ્રૉફેશનલ અને સંવેદનશીલ હતા કે એમણે નિર્માણ માટેની મારી બધી જ ફૉર્મ્યૂલા એપ્લાય કરી, મારી સાથે ખૂલીને ચર્ચાઓ કરી અને અમે સાથે બેસીને દશ્યો અંગે વિચારો પણ કર્યા. આ કારણે જ અમે સારું સર્જન કરી શક્યા એવું મને લાગે છે.'

ફિલ્મ નિર્માણ માટે ટીમ પહેલાં એકત્ર થઈ હતી અને પછી સ્ક્રીપ્ટ લખવાનું કામ હાથ ધરાયું. ફિલ્મની વાર્તા, સ્ક્રીપ્ટ અને સંવાદોનું લેખન પણ અભિષેકે અનિષ શાહ સાથે મળીને કર્યું છે. સરેરાશ ૪૫ માણસોનું યુનિટ આ નિર્માણ માટે કામે લાગ્યું હતું. અમદાવાદના ૩૪ લોકેશન્સ પર આ ફિલ્મ શૂટ થઈ છે અને ગત નવેમ્બર માસમાં માત્ર ૨૩ દિવસના શિડ્યૂલમાં તે પૂર્ણ થઈ છે ! એ પછી પોસ્ટ પ્રૉડકશન માટે તેને મુંબઈ મોકલવામાં આવી હતી. વિડીયોનું કામ યશરાજ ફિલ્મ્સના સ્ટુડિયો ખાતે અને ઑડિયોનું કામ મુક્તા આર્ટ્સ ખાતે સંપન્ન કરવામાં આવ્યું હતું.

મલ્ટીપ્લેકસવાળા ગુજરાતી ફિલ્મ પ્રદર્શિત કરવા આસાનીથી રાજી ન થાય, એ માટે તમે શું કર્યું ? એવા સવાલના જવાબમાં એ કહે છે કે 'મલ્ટીપ્લેકસમાં ગુજરાતી ફિલ્મ ન આવે એવું કશું નથી. એમને તો ક્વૉલિટી સાથે મતલબ છે. તમે ક્વૉલેટી આપો તો એ ફિલ્મ દર્શાવવાના જ છે. એમને બસ એ ચિંતા હોય છે કે અમારા દર્શકોને જે ક્વૉલિટી મળે છે એમાં કાંઈ ઓછું ન આવે. અમે ફિલ્મ તૈયાર થઈ ગયા પછી મલ્ટીપ્લેક્સવાળાઓને રજૂઆત કરી હતી, એમને ટ્રેલર બતાવ્યાં હતાં. કેટલાક તૈયાર થયા, કેટલાક ન થયા. પછી મેં એમ કહ્યું કે તમે એક મહિનો ટ્રેલર ચલાવો, જુઓ કેવો રિસ્પોન્સ આવે છે, પછી આગળ વધો. એ ઉપાય એમને ગમ્યો. એમણે એકાદ મહિનો ટ્રેલર ચલાવ્યાં, સારો રિસ્પોન્સ મળ્યો. એ ઉપરાંત ફેસબૂક ઉપર અને યુટ્યુબ ઉપર મળેલો રિસ્પોન્સ તો સારો હતો જ. એ જોઈને એમણે ફિલ્મ મલ્ટીપ્લેકસમાં મૂકવાનું નક્કી કર્યું.'

આ સફળતા મેળવીને કેવું લાગે છે ? એવા સવાલનો જવાબ આપતાં અભિષેક કહે છે, 'હું આને સફળતા નથી ગણતો. આ તો હજી શરૂઆત છે. હું માનું છું કે સફળતાને માત્ર એક જ ફિલ્મના દૃષ્ટિકોણથી ન જોવાય. મારે હજુ ઘણાં કામો કરવાનાં છે, બીજી ફિલ્મો બનાવવાની છે, સફળતા એ પછી નક્કી થશે. પણ હા, આ ફિલ્મથી એવી આશા જાગી છે કે હવે કોઈને ગુજરાતી ફિલ્મ બનાવવાનો ઉત્સાહ આવશે. ગુજરાતી ફિલ્મ પણ ચાલે છે અને લોકો એને પસંદ કરે છે એ જોયા પછી બીજું કોઈ ગુજરાતી ફિલ્મ બનાવશે એવી આશા જાગી છે. એવું થશે તો અમારી આ મહેનત સફળ થઈ લેખાશે.' 'સમાજને શું સંદેશ આપવા માગો છો ?' 'સંદેશ આપવા માટે તો હું બહુ નાનો છું. પણ હા એક વિનંતી કરવા માગુ છું ગુજરાતી દર્શકોને કે સર્જકોને એક તક આપો. કોઈએ એકાદવાર નબળું સર્જન કર્યું એટલે એ ખરાબ જ, એની ફિલ્મો ખરાબ જ એવું માનીને એને સાવ અલગ ન મૂકી દેશો. એને જુઓ, પ્રોત્સાહન આપો, તો એ સારું સર્જન કરી શકશે.' સારી ફિલ્મનું નિર્માણ કરનારા આ યુવા ગુજરાતીની દૃષ્ટિ પણ કેટલી સારી છે એ તેની આ વાત પરથી સાબિત થઈ જાય છે. 'મારો તો નિર્ધાર છે કે હું ગુજરાતી ફિલ્મો જ બનાવીશ. હું મુંબઈથી ગુજરાત આવ્યો છું જ એ માટે. હું તો એવા વાતાવરણને ગુજરાતમાં જોવા માગુ છું કે અહીંના સર્જકો મુંબઈ જતાં અટકે અને ગુજરાતીમાં જ સારી ફિલ્મોનું સર્જન કરે. સામાન્ય રીતે એવું થાય છે કે એકાદ ફિલ્મ ગુજરાતીમાં બનાવીને પછી સર્જકો હિન્દી ફિલ્મો તરફ વળી જાય છે. એના બદલે તેઓ અહીં જ રહે, ગુજરાતને પગથિયું નહીં, પણ પ્લેગ્રાઉન્ડ માને ને ગુજરાતી ફિલ્મોનો જમાનો પાછો આવે એવું સ્વપ્ન હું જોઉં છું !'

**માત્ર ૨૩ દિવસના શિડ્યૂલમાં તૈયાર થયેલી ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ'ના યુવા નિર્દેશક અભિષેક જૈન કહે છે, હું તો ગુજરાતી ફિલ્મો જ બનાવીશ**